# મહત્ત્વના નિયમો અને શરતો

**સંપૂર્ણ આવૃત્તિ મેળવવા કૃપયા www.hsbc.co.in ની મુલાકાત લો.**

## 1. ફીસ અને ચાર્જિસ

### એ) જોડાવાની ફીસ અને વાર્ષિક સભ્યપદ ફીસ

જોડાવાની ફીસ અને વાર્ષિક સભ્યપદ ફીસ પ્રાથમિક અને ઉમેરાયેલા ક્રેડિટ કાર્ડ (કાર્ડો) પર લાગુ પડે છે. કાર્ડધારક દ્વારા એચએસબીસી ક્રેડિટ કાર્ડનો કઈ ઑફર હેઠળ લાભ લેવાયો છે તેના આધારે ફીસ બદલાશે. લાગુ પડે એ મુજબ, ઉમેરાયેલા કોઈ પણ કાર્ડધારક (ધારકો) માટેની ફીસ, સહિતની આ ફીસ, કાર્ડધારકના ક્રેડિટ કાર્ડ ખાતામાં ઈસ્યૂઅન્સ/રિન્યૂઅલ પર ઉધારાય છે, અને તે જે મહિના માટે ઉધારાઈ તે મહિના માટેના માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં નજરે પડશે. ક્રેડિટ કાર્ડનો જો અંત લાવવામાં આવે તો ફીસનું કોઈ પણ રિફંડ પ્રાપ્ત નહીં થાય. વર્તમાન ચાર્જિસનો નીચે અપાયેલી ટેરીફ શીટમાં ઉલ્લેખ કરાયો છે.

### બી) રોકડ એડવાન્સ માટેની ફીસ

કાર્ડધારક ભારત અને વિદેશમાં એચએસબીસી/વિઝા/માસ્ટર કાર્ડ/ સિરસના એટીએમ ખાતે ચોવીસ કલાક, રોકડ પ્રત્યે પહોંચ ધરાવે છે. રોકડ એડવાન્સની પોસ્ટિંગના સમયે આવા તમામ વ્યવહાર પર ઉપાડ કરાયેલી રકમ (ઓછામાં ઓછી રૂ.300ને આધીન)ની 2.5 ટકા ટ્રાન્ઝેક્શન ફી લેવાશે અને તેનું આગામી માસિક સ્ટેટમેન્ટમાં કાર્ડધારક માટે બિલિંગ કરાશે. ટ્રાન્ઝેક્શન ફી એચએસબીસીની સંપૂર્ણ મુનસફી મુજબ ફેરફારને આધીન છે. રોકડ એડવાન્સ વ્યવહારો પણ ઉપાડની તારીખેથી રોજિંદા બાકી નીકળતા બેલેન્સ પર ગણતરી કરાયેલા પ્રવર્તમાન દરે ફાઈનાન્સ ચાર્જને આધીન છે. બિલિંગ ચક્રના છેલ્લા દિવસે ક્રેડિટ કાર્ડ ખાતામાં ફાઈનાન્સ ચાર્જ ઉધારવામાં આવશે.

### સી) ચોક્કસ વ્યવહારો (લેવડદેવડ) માટે ફરજિયાત લેવાતા સેવા માટેના ચાર્જિસ

- કાર્ડધારકને પૂરી પડાયેલી ચોક્કસ સેવાઓ બદલ અથવા

કાર્ડધારક દ્વારા અદાયગી કરવામાં ચૂક બદલ તેના/તેણીનાં કાર્ડ ખાતાં સંબંધમાં સમયાંતરે લાગુ પડે તે મુજબ ફીસ અને ચાર્જિસ કાર્ડધારકોએ ચૂકવવાના રહેશે.

- ટેરિફ માળખું એચએસબીસીની સંપૂર્ણ મુનસફી મુજબ સમયાંતરે ફેરફારને આધીન છે. ફાઈનાન્સ ચાર્જ (વ્યાજના દર)માં ફેરફાર સિવાયના આવા ફેરફાર અને નિયમનકારી જરૂરિયાતોના પરિણામરૂપ ફેરફાર ઓછામાં ઓછી એક મહિનાની નોટિસ આપીને ભવિષ્યમાં અમલી બનશે.
- કરવેરાના સ્થાનિક કાયદા મુજબ, 11 મે એપ્રિલ, 2007થી અમલમાં આવે એ રીતે તમામ ફીસ, વ્યાજ અને અન્ય ચાર્જિસ પર 12.36 ટકાનો સેવા વેરો ફરજિયાત લેવાય છે.
- અદાયગી માટેની નિર્ધારિત તારીખ સુધીમાં જો બાકી નીકળતી ઓછામાં ઓછી રકમ નહીં ચૂકવાય તો મોડેથી અદાયગીનો (લેટ પેમેન્ટ) ચાર્જ લાગુ પડશે.
- નક્કી કરેલી ધિરાણમર્યાદા કરતાં બાકી નીકળતી કુલ રકમ વધી જવાના કિસ્સામાં ઓવરલિમિટ ચાર્જિસ લાગુ પડશે.

## ટેરિફ પત્રક

| | |
|---|---|
| **જોડાવા માટેની ધોરણયુક્ત ફીસ**<br><br>ક્લાસિક | <br>શૂન્ય<br>શૂન્ય |
| **ધોરણયુક્ત વાર્ષિક ફીસ**<br>ગોલ્ડ<br>ક્લાસિક | <br>રૂ. 2,000<br>રૂ. 700 |
| **એડ ઑન કાર્ડ માટે ધોરણયુક્ત વાર્ષિક ફીસ**<br>ગોલ્ડ<br>ક્લાસિક | <br>રૂ. 1,000<br>રૂ. 350 |
| નિઃશુલ્ક ધિરાણ (ક્રેડિટ) માટેનો સમયગાળો | 52 દિવસ સુધી |
| વિસ્તારેલું ધિરાણ અને રોકડ એડવાન્સો પર ફાઈનાન્સ ચાર્જિસ | ગોલ્ડ: વ્યવહારની તારીખથી ગણતરી કરીને માસિક 3.1% ટકા# (વાર્ષિક 37.2% ટકા#)<br>ક્લાસિક: વ્યવહારની તારીખથી ગણતરી કરીને માસિક 3.2% ટકા# (વાર્ષિક 38.4% ટકા#) |
| વિસ્તારેલા ધિરાણના ઉપયોગ પર લઘુતમ પુનઃઅદાયગી | બિલિંગની તારીખે ક્લોઝિંગ બેલેન્સના પાંચ ટકા (લઘુતમ રૂ.100ને આધીન). **અદાયગીની નિર્ધારિત તારીખ બાદ નહીં ચૂકવાયેલી બાકી નીકળતી રકમ પર વ્યાજ લેવાશે.** |
| ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ (3 મહિના કરતાં વધુ જૂનું) | સ્ટેટમેન્ટ દીઠ રૂ. 100 |

| | |
|---|---|
| ચેક પાછો ફરવો, કાયમી સૂચના, ઈસીએસ મારફતે અસ્વીકાર થયેલું અથવા બિનસફળ પેમેન્ટના કિસ્સામાં ચાર્જ | રૂા. 300 |
| રોકડ ધિરાણ મર્યાદા (ક્રેડિટ કાર્ડ ખાતાંની સામે) | ધિરાણ મર્યાદાના 40 ટકા # |
| શાખાઓ અને એટીએમ ખાતે તમારા ક્રેડિટ કાર્ડ ખાતા સામે રોકડ એડવાન્સ માટેની ટ્રાન્ઝેક્શન ફી | વ્યવહાર કરાયેલી રકમના 2.5 ટકા **(લઘુતમ રૂા. 300ને આધીન)*** |
| દરિયાપાર – વિદેશના એટીએમ ખાતે તમારા બૅન્ક ખાતા સામે રોકડ ઉપાડ માટેની ટ્રાન્ઝેક્શન ફી | રૂા. 100 |
| ભારતમાં એચએસબીસી સિવાયના એટીએમ ખાતે તમારા બૅન્ક ખાતા અને રોકડ ઉપાડ માટેની ટ્રાન્ઝેક્શન ફી | રૂા. 55 |
| મર્યાદા વટાવી જવાની (ઑવરલિમિટ) ફી | દર મહિને રૂા. 500 |
| વિલંબિત અદાયગી (લેટ પેમેન્ટ) ફી (ચુકવણી માટેની નિર્ધારિત તારીખ સુધીમાં જો બાકી નીકળતી લઘુતમ રકમ એચએસબીસીને નહીં પહોંચે તો વસૂલ કરાશે.) | બાકી નીકળતી રકમના લઘુતમ 30 ટકા (દર મહિને લઘુતમ રૂા. 450 અને મહત્તમ રૂા. 600ને આધીન) |
| સેલ્સ સ્લિપ રિટ્રાઈવલ / ચાર્જ બેક પ્રોસેસિંગ ફી | રૂા. 225 |
| શહેર બહારના ચેકનું પ્રોસેસિંગ/વસૂલી ચાર્જ | ચેકના મૂલ્યના 0.4% (લઘુતમ રૂા. 30 ને આધીન) વત્તા ચેક દીઠ રૂા. 25ના દરે ટપાલ ખર્ચ |
| ક્રેડિટ કાર્ડ બદલવાની ફી (ભારતમાં) | રૂા. 100 |
| ક્રેડિટ કાર્ડ બદલવાની ફી (ભારત બહાર) | રૂા. 100 |
| વિદેશી ચલણના વ્યવહાર માટે ચલણ રૂપાંતરણ ચાર્જ | 3.5 ટકા |
| અન્ય બૅન્કના એટીએમ ખાતે ક્રેડિટ કાર્ડ પરના બૅલેન્સની પૃચ્છા | — |

# અથવા સમયાંતરે બૅન્ક દ્વારા નક્કી કરાયા મુજબ

*પ્રવર્તમાન દરે દર મહિને ફાઈનાન્સ ચાર્જ પણ લાગુ પડશે. દા.ત. તમે રૂા. 1200ની કાંડા ઘડિયાળ 01 માર્ચના રોજ ખરીદી અને રૂા. 800નો નેકલેસ 10મી માર્ચે ખરીદ્યો. તમારા સ્ટેટમેન્ટની તારીખ 20મી માર્ચ છે અને આ સ્ટેટમેન્ટ પર ચુકવણીની નિર્ધારિત તારીખ 07 એપ્રિલ છે. તમે 07 એપ્રિલે રૂા. 100ની લઘુતમ બાકી નીકળતી

રકમ ચૂકવવાનું પસંદ કરો છો. પછીથી તમે ખરીદીની બાકી નીકળતી 95 ટકા રકમ (રૂા. 1900) 20 એપ્રિલે ચૂકવવાનું પસંદ કરો છો. તમારી ખરીદી પર નીચે વર્ણવ્યા મુજબ વ્યાજ લેવાશેઃ અર્થાત 01 માર્ચથી 06 એપ્રિલ સુધી 37 દિવસ માટે રૂા. 1200 ઉપર મહિને 2.95 ટકાના દરે. આ રકમ રૂા. 43.06 થાય છે. 10 માર્ચથી 06 એપ્રિલ સુધી 28 દિવસ માટે રૂા. 800 ઉપર મહિને 2.95 ટકાના દરે. આ રકમ રૂા. 21.72 થાય છે. 07 એપ્રિલથી 19 એપ્રિલ સુધી 13 દિવસ માટે રૂા. 1900 ઉપર મહિને રૂા. 2.95 ટકાના દરે. આ રકમ રૂા. 23.96 થાય છે.
આમ તમારા 20 એપ્રિલની તારીખ ધરાવતા સ્ટેટમેન્ટમાં તમારી ખરીદી ઉપર કુલ વ્યાજની ઉધારાયેલી રકમ રૂા.88.74 હશે (રૂા. 43.06 + રૂા. 21.72 + રૂા. 23.96)
20 એપ્રિલ તૈયાર થયેલું તમારું સ્ટેટમેન્ટ બાકી નીકળતી રકમ રૂા. 1,988.74 દર્શાવશે.

**ડી) વ્યાજમુકત (છૂટ - ગ્રેસ) સમયગાળો**

ક્રેડિટ કાર્ડ ખાતા પર કોઈ પણ ફાઈનાન્સ ચાર્જ ઉઘરાવ્યા વિના કાર્ડધારકો બાવન દિવસ સુધી નિઃશુલ્ક ધિરાણ મેળવી શકે છે. માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ પર દર્શાવાયેલી ક્રેડિટ કાર્ડની બાકી નીકળતી રકમની ચુકવણી નિર્ધારિત તારીખ સુધીમાં પતાવટ કરાઈ હશે, માત્ર ત્યારે જ આ લાગુ પડશે; પરંતુ રોકડ એડવાન્સ વ્યવહાર માટે નિઃશુલ્ક ધિરાણ માટેનો સમયગાળો લાગુ નહીં પડે.

**ઈ) ફાઈનાન્સ ચાર્જિસ**

- કાર્ડધારકો બાકી નીકળતી કુલ માસિક રકમની ઓછામાં ઓછી પાંચ ટકા રકમ ચૂકવીને ‘‘વિસ્તારિત ધિરાણ સુવિધાનો’’લાભ મેળવી શકશે. (બાકી નીકળતી રકમમાંથી લઘુતમ અદાયગીની રકમ માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં દર્શાવાય છે.) ચુકવણીની નિર્ધારિત તારીખ બાદ બાકી નીકળતી રકમ પર વ્યાજ લેવાશે.
- જો કાર્ડધારક સ્ટેટમેન્ટમાં ક્લોઝિંગ બેલેન્સ કરતાં ઓછી રકમ ચૂકવીને વિસ્તારિત ધિરાણ સુવિધાનો લાભ ઉપાડે તો બાકી નીકળતી સમગ્ર રકમ પર વ્યવહારની સંબંધિત તારીખથી પ્રવર્તમાન દરે ફાઈનાન્સ ચાર્જ લાગશે. તમામ નવા વ્યવહાર ઉપર પણ વ્યવહારની સંબંધિત તારીખથી ફાઈનાન્સ ચાર્જ લાગશે.
- રોકડ એડવાન્સના તમામ વ્યવહારમાં જ્યાં સુધી ચાર્જિસ સાથે સમગ્ર રકમ અદા નહીં કરાય ત્યાં સુધી ઉપાડની તારીખથી પ્રવર્તમાન દરે તેના પર ફાઈનાન્સ ચાર્જ લાગશે.
- ફાઈનાન્સ ચાર્જિસની ગણતરી વ્યવહારની તારીખથી માસિક 3.1 ટકા/3.2 ટકાના દરે (વાર્ષિક 37.2 ટકા/38.4 ટકા) અથવા સમયાંતરે બેંન્ક દ્વારા નક્કી કરાયેલા સુધારિત દરે કરાય છે.

## 2. ધિરાણની મર્યાદા

- એચએસબીસી, ક્રેડિટ કાર્ડ ખાતાને રોકડ મર્યાદા સાથે ધિરાણ મર્યાદા ઠેરવશે (ધિરાણ મર્યાદાના 40 ટકા અથવા સમયાંતરે

બૅન્ક દ્વારા નક્કી કરાયા મુજબ) જે જોગવાઈ મુજબ અથવા ક્રેડિટ કાર્ડધારકને નોટિસ આપીને એચએસબીસી દ્વારા સમયાંતરે બદલાતી રહેશે.

- ધિરાણ મર્યાદા એવી મહત્તમ રકમ છે જે કોઈ પણ ચોક્કસ સમયે ક્રેડિટ કાર્ડ ખાતા સામે બાકી રહેશે.
- જો કુલ બાકી નીકળતી રકમ ધિરાણ મર્યાદા કરતાં વધી જાય તો આ મર્યાદાથી ઉપરવટ શરૂ કરાયેલી તમામ ખરીદીઓ /રોકડ વ્યવહારોને ક્રેડિટ કાર્ડ ખાતાને સંપૂર્ણપણે અથવા આંશિકપણે ભંડોળ પૂરું પડાય નહીં ત્યાં સુધી નકારી કઢાશે.
- ખાતા પર મંજૂર કરાયેલી ધિરાણ મર્યાદા પ્રાથમિક કાર્ડધારક અને ઉમેરાયેલા કાર્ડધારકો વચ્ચે વહેંચી લેવાશે.
- ક્રેડિટ કાર્ડ ખાતા પર ઉપલબ્ધ ધિરાણ મર્યાદા 'કુલ બાકી નીકળતી રકમ' કરતાં ઓછી ઠેરવાયેલી ધિરાણ મર્યાદા છે. કાર્ડધારક ઉપલબ્ધ ધિરાણ મર્યાદા જાણવા માટે કોઈ પણ સમય બૅન્કનો સંપર્ક કરી શકે.
- ક્રેડિટ કાર્ડની સંતોષજનક કામગીરીના છ મહિના પછી કાર્ડધારક કોઈ પણ સમયે તેના માટે નક્કી કરાયેલી ધિરાણ મર્યાદાની ફેરવિચારણા કરવા માટે અરજ કરી શકે છે.
- એચએસબીસી તેની સંપૂર્ણ મુનસફીએ, ક્રેડિટ કાર્ડ ખાતાની તેની ધિરાણ આકારણીને આધારે ક્રેડિટ કાર્ડધારકને આગોતરી નોટિસ આપ્યા વિના ધિરાણ મર્યાદા વધારી અથવા ઘટાડી શકશે અને ક્રેડિટ કાર્ડના વપરાશને આવી બદલવામાં આવેલી ધિરાણ મર્યાદાની સ્વીકૃતિ તરીકે ગણવામાં આવશે. ધિરાણ મર્યાદામાં વધારાના કિસ્સામાં, કાર્ડધારક તરફથી વિનંતી મળવાથી એચએસબીસી અસલ ધિરાણ મર્યાદા તરફ પાછી વળશે.

## 3. બિલિંગ અને અદાયગી

એ) 1 એપ્રિલ, 2006થી અમલમાં આવે તે રીતે કાર્ડધારક ખાતાને કરાયેલી અદાયગીઓની બાકી નીકળતી રકમની ઓછામાં ઓછી અદાયગી, બેલેન્સ ટ્રાન્સફરની બાકી નીકળતી રકમ, ફીસ અને ચાર્જિસ, રોકડ અને ખરીદીની બાકી નીકળતી રકમના ક્રમમાં પતાવટ કરશે.

બી)ક્રેડિટ કાર્ડ ખાતું બાકી નીકળતી બેલેન્સ ધરાવે ત્યારે, એચએસબીસી ટપાલ મોકલવાના સરનામા પર માસિક આઈટમવાર સ્ટેટમેન્ટ ઑફ અકાઉન્ટ મોકલાવશે જેમાં છેલ્લા સ્ટેટમેન્ટ પછી કાર્ડધારકોના ખાતામાં જમા કરાયેલી અદાયગીઓ તથા ઉધારાયેલા વ્યવહાર દર્શાવાશે. સ્ટેટમેન્ટ નહીં મળવાથી કાર્ડધારકની ફરજો અને જવાબદારીઓને અસર નહીં પહોંચે.

સી)કાર્ડધારકો સ્ટેટમેન્ટ પર છપાયા મુજબ નીકળતી રકમમાંથી ઓછામાં ઓછી પાંચ ટકા ચૂકવવાનું પસંદ કરી શકશે, અને આવી અદાયગી ચુકવણીની નિર્ધારિત તારીખ અગાઉ મોકલવી જોઈએ, જે સ્ટેટમેન્ટ પર પણ છપાઈ છે. જો ચેક દ્વારા અદાયગી કરાય તો નિર્ધારિત તારીખ સુધીમાં કાર્ડ ખાતામાં ભંડોળ વસૂલ

થવું જોઈએ. આગળ ખેંચેલી બાકી નીકળતી રકમ પર દર મહિને 3.1 ટકા/3.2 ટકા (વાર્ષિક 37.2 ટકા/38.4 ટકા) ફાઈનાન્સ ચાર્જ અથવા સમયાંતરે બૅન્ક દ્વારા નક્કી કરાયા મુજબનો ચાર્જ લાગશે.

ડી) બાકી નીકળતી રકમની માસિક પતાવટ કરવા કાર્ડધારકો નીચે જણાવેલી અદાયગીની રીતોમાંથી પસંદગી કરી શકશે.

- ચેક/ડ્રાફ્ટ પેમેન્ટ : ચેક/ડ્રાફ્ટ 'એચએસબીસી ખાતું નં. xxxxxxxx' ને અદાયગીપાત્ર હોવા જોઈએ (કાર્ડધારકના 16 આંકડાના ક્રેડિટ કાર્ડ નંબરનો ઉલ્લેખ કરો.) ચેક/ડ્રાફ્ટ પેમેન્ટ નીચે જણાવ્યા મુજબ જમા કરી શકાશે :

  – ભારતમાં એચએસબીસી શાખાઓ ખાતે ડ્રોપ બૉક્સો/ એટીએમ (શાખાઓ અને એટીએમની સંપૂર્ણ યાદી માટે વેબસાઈટ www.hsbc.co.inની મુલાકાત લો) સ્કાયપેક ડ્રોપ બૉક્સો (તમારી નિકટના સ્કાયપૅક બૉક્સોની યાદી માટે વેબસાઈટ www.hsbc.co.inની મુલાકાત લો)

  – ધ હૉંગકૉંન્ગ ઍન્ડ શાંઘાઈ બૅન્કિંગ કૉર્પોરેશન લિમિટેડ, ક્લિયરિંગ ડિપાર્ટમેન્ટ, એમ.જી. રોડ, ફોર્ટ, મુંબઈ–400001 ને ટપાલ મારફતે મોકલાવો.

- રોકડ અદાયગીઃ ભારતમાં એચએસબીસીની કોઈ પણ શાખામાં રોકડ અદાયગી કરી શકશે.
- કાયમી સૂચનાઃ જો કાર્ડધારક એચએસબીસીમાં ખાતાધારક હોય તો તેઓ/તેણી કાર્ડધારકના એચએસબીસી ખાતામાંથી ક્રેડિટકાર્ડ ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવા માટેની કાયમી સૂચના જારી કરી શકે.
- ઈન્ટરનેટ બૅન્કિંગઃ કાર્ડધારક www.hsbc.co.in લોગ કરીને ક્રેડિટ કાર્ડ પર બાકી નીકળતી રકમ ચૂકવી શકે છે.
- ઈસીએસઃ કોઈ પણ બૅન્ક સાથે કાર્ડધારકના ખાતામાંથી રકમ ઉધારવાની એચએસબીસીને સત્તા આપીને કાર્ડધારક સીધી અદાયગી કરી શકે છે. આ સુવિધા માત્ર મુંબઈ અને દિલ્હીમાં ઉપલબ્ધ છે.
- એટીએમ/ફોન બૅન્કિંગ : ક્રેડિટ કાર્ડ પર બાકી નીકળતી રકમ સામે અદાયગી કરવા કાર્ડધારક એટીએમ/ફોન બૅન્કિંગ મારફતે એચએસબીસી સાથે તેમના ખાતા સુધી પહોંચી શકશે.

**ઈ) બિલિંગને લગતા વિવાદોની પતાવટઃ**

- માસિક ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટમાં દર્શાવાયેલા કોઈ પણ ચાર્જ સામે જો કાર્ડધારકને વાંધો હોય તો તેણે/તેણીએ સ્ટેટમેન્ટની તારીખથી 30 દિવસની અંદર એચએસબીસીને વિગતો જણાવવાની રહેશે. 30 દિવસની મુદત પૂરી થયા બાદ એવું માની લેવાશે કે તમામ ચાર્જિસ સ્વીકારપાત્ર અને વ્યવસ્થિત છે.
- બિલિંગમાં ઊણપોની જાણ કરવા માટે, કાર્ડધારકો કસ્ટમર સર્વિસ સેન્ટરન ફોન કરી શકે (નંબર માસિક સ્ટેટમેન્ટની પાછળ અપાયેલા છે અથવા www.hsbc.co.in પરથી મેળવી શકાશે.) અથવા રાજેશ લોબો, આસિસ્ટન્ટ મૅનેજર, કાર્ડ

સર્વિસિસ, પોસ્ટ બૉક્સ નં. 5080, ચેન્નઈ, 600028ને પત્ર લખીને જણાવી શકે. તમામ ફરિયાદ અનિલ ભોલ્લા, વાઈસ પ્રેસિડેન્ટ, કાર્ડ સર્વિસિસ, પોસ્ટ બૉક્સ નં. 5080, ચેન્નઈ 600028ને નિશાની કરીને સંબોધાયેલી હોવી જોઈએ.

## 4. અદાયગીમાં ચૂક (ડિફોલ્ટ)

- ચૂકના કિસ્સામાં (જો બાકી નીકળતી રકમમાંથી ઓછામાં ઓછી રકમ, અદાયગીની નિર્ધારિત તારીખ સુધીમાં નહીં ચૂકવાય અથવા કાર્ડધારક કરારની કોઈ પણ કલમનો ભંગ થાય) કાર્ડધારકને ક્રેડિટ કાર્ડ ખાતા પર બાકી નીકળતી કોઈ પણ રકમની યાદ અપાવવા સમયાંતરે ટપાલ, ફૅક્સ, ટેલિફોન, ઈ-મેલ, એસએમએસ સંદેશ દ્વારા અને/અથવા યાદ અપાવવા, ફોલો-અપ કરવા અને બાકી નીકળતી રકમ વસૂલવાના હેતુસર નિમાયેલા ત્રીજા પક્ષકારો મારફતે રિમાઈન્ડર મોકલાવશે. આવી રીતે નિમણૂક કરાયેલા કોઈ પણ ત્રીજા પક્ષકાર કરજ વસૂલાત અંગેની ઈન્ડિયન બૅન્ક્સ ઍસોસિયેશન (આઈબીએ)ની આચારસંહિતાને વળગી રહેશે.
- કાર્ડધારકના મૃત્યુના કિસ્સામાં બાકી નીકળતી રકમની વસૂલાતઃ
  – બાકી નીકળતું સમગ્ર બેલેન્સ (બિલ નહીં બનેલા વ્યવહાર સહિત) તરત જ બાકી નીકળતી રકમ બનશે અને એચએસબીસીને ચુકવણીપાત્ર હશે.
  – કાર્ડધારકની અસ્કયામતમાંથી કુલ બાકી નીકળતી રકમ વસૂલવા એચએસબીસી હકપાત્ર હશે.
- રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની માર્ગદર્શિકાઓ અનુસાર અમે અમારા ક્રેડિટ કાર્ડધારકોને લગતી ધિરાણ માહિતી માસિક ધોરણે ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા) લિમિટેડ (સિબિલ)ને પૂરી પાડીએ છીએ. પૂરી પડાયેલી આ માહિતી પાછલા મહિનાના અંત મુજબની હાલત રજૂ કરે છે. અને તેમાં ક્રેડિટ કાર્ડ ખાતું નિયમિત છે કે ઉપેક્ષિત તે સંબંધિત મોહિતીનો સમાવેશ થાય છે. આવો અહેવાલ આપવાની તારીખે જો ક્રેડિટ કાર્ડ ખાતું ઉપેક્ષિત હોય અને ત્યાર બાદ ખાતાને નિયમબદ્ધ કરાય, તો ખાતાનો દરજ્જો આગામી માસિક અહેવાલ આપવાના સમયે ભાવિપણે સુધારવામાં આવશે. "સિબિલ" અનુસાર ગ્રાહકના દરજ્જામાં તમામ ફેરફાર વધુમાં વધુ 30 દિવસમાં સુધારાય છે. "સિબિલ" સાથે કોઈ પણ પ્રકારના અવળા ધિરાણ ભૂતકાળને ટાળવા, ક્રેડિટ કાર્ડધારકોએ કાર્ડ ખાતા પર બાકી નીકળતી રકમની સમયસર અદાયગી કરવા ધ્યાન રાખવું રહ્યું.

## 5. અંત લાવવો (ટર્મિનેશન)

- કાર્ડધારક એચએસબીસીને લેખિત નોટિસ આપીને અથવા કસ્ટમર સર્વિસનો સંપર્ક કરીને કોઈ પણ સમયે કરારનો અંત લાવી શકે અને એવું કરવા માટે તેણે બાકી નીકળતી તમામ રકમ સંપૂર્ણપણે ચૂકવવાની રહેશે અને ક્રેડિટ કાર્ડ તથા કોઈ પણ ઉમેરેલું ક્રેડિટ કાર્ડ (કાર્ડો) પાછા વાળીને તેના અનેક કટકા

કરવા પડશે.

- એચએસબીસી કોઈ પણ કારણ અથવા નોટિસ આપની અથવા આપ્યા વિના ક્રેડિટ કાર્ડને કોઈ પણ સમય રદ કરીને કરારનો અંત લાવી શકશે.

  – જો એચએસબીસીના અભિપ્રાયમાં, તમે કાર્ડધારક કરારનો ભંગ કર્યો છે.

  અને–અથવા

  – જો કાર્ડધારક અથવા નિયુક્ત કરાયેલા વપરાશકર્તા દ્વારા ફોન/ઈન્ટરનેટ બૅન્કિંગ સુવિધાનો ઉપયોગ કરીને કાર્ડ/ઉમેરેલું ક્રેડિટ કાર્ડ (કાર્ડો) ને રદ કરવા તેમના તરફથી મૌખિક/લેખિત સૂચના અપાઈ હોય.
- કોઈ પણ કારણસર સસ્પેન્ડ/ટર્મિનેટ કરાય ત્યારે કાર્ડ પર થયેલા પરંતુ હજી ખાતામાં નહીં ઉધારાયેલા કાર્ડ પરના બાકી નીકળતી રકમના વ્યવહાર સહિતની રકમ સાથે કાર્ડ ખાતા પર બાકી નીકળતી સમગ્ર બેલેન્સ તત્કાળ બાકી નીકળતી રકમ બનશે અને એચએસબીસીને સંપૂર્ણપણે અદાયગીપાત્ર હશે.

## 6. કાર્ડ ખોવાઈ જવું/ચોરી/દુરુપયોગ

એ)જો ક્રેડિટ કાર્ડ ખોવાઈ/ચોરાઈ જાય તો કાર્ડધારકે તરત જ લખીને એચએસબીસીને જાણ કરવી જોઈએ અથવા કસ્ટમર સર્વિસ સેન્ટરને ફોન કરવો જોઈએ.

બી)કાર્ડ ખોવાઈ જવાની / ચોરાઈ જવાની/દુરુપયોગની એચએસબીસીને કાર્ડધારક જાણ કરે માત્ર ત્યાર પછી જ ક્રેડિટ કાર્ડ પર કરાયેલા કોઈ પણ વ્યવહાર માટે કાર્ડધારક જવાબદારી નહીં હોય.

સી)જોકે કાર્ડ ખોવાઈ અથવા ચોરાઈ જવા વિશે ઉપર (એ) માં ઉલ્લેખ કરાયા મુજબ જાણ કરી શકાય, પરંતુ કાર્ડધારકે એચએસબીસીને લેખિતમાં પુષ્ટિ આપવી જોઈએ. લેખિત સમર્થન સાથે સ્વીકૃતિ પોલીસ ફરિયાદની નકલ હોવી જોઈએ.

ડી) જો કાર્ડધારકને ત્યાર પછી કાર્ડ મળી આવે તો, મળી આવેલા કાર્ડનો ઉપયોગ કરવો નહીં જોઈએ.કૃપયા મેગ્નેટિક સ્ટ્રિપ (ચુંબકીય પટ્ટી) મારફતે કાર્ડના કટકેકટકા કરી તેનો નાશ કરો.

## 7. ઘટસ્ફોટ (ડિસ્કલોઝર્સ)

- કાર્ડધારક તેના/તેણીના તરફથી અથવા કોઈ પણ ઉમેરેલા કાર્ડધારકો તરફથી ચોક્કસ સંમતિ અથવા અધિકૃતપણા વિના, બૅન્ક દ્વારા કોઈ પણ પ્રકારની ટેકાની સેવાઓનો લાભ લેવાના હેતુસર ત્રીજા પક્ષની એજન્સીઓને, કોઈ પણ ઉમેરેલા કાર્ડધારક (ધારકો)ની વિગતો સહિત તેના/તેણીના ખાતાની વિગતો પૂરી પાડવાના એચએસબીસીના અધિકારને કબૂલે છે.
- કાર્ડધારક વધુમાં એવું સ્વીકારે છે કે એચએસબીસીને યોગ્ય અને આવશ્યક જણાય એ મુજબ, તેની/તેણીની જવાબદારી નિભાવવામાં કાર્ડધારક દ્વારા આચરાયેલી કોઈ પણ ચૂકને લગતી માહિતી સહિત કાર્ડધારક/ઉમેરાયેલા કાર્ડધારક

(ધારકો)ને લગતી માહિતીનું, એચએસબીસી દ્વારા સમયાંતરે નક્કી કરાયા મુજબના કોઈ પણ વર્તમાન અથવા ભાવિ ક્રેડિટ બ્યૂરો/ક્રેડિટ રેફરન્સ એજન્સીઓ સાથે આદાનપ્રદાન કરવાની એચએસબીસી સત્તા ધરાવે છે. તે અનુસાર કાર્ડધારક, આવા ક્રેડિટ બ્યૂરો/ક્રેડિટ રેફરન્સ એજન્સીઓ સમક્ષ માહિતી છતી કરવા સંમતિ આપે છે અને ઉમેરાયેલા કાર્ડધારક (ધારકો) તરફથી સંમતિ મેળવી હોવાનું સમર્થન આપે છે. આવી સંસ્થાઓ આગળ ઉપર બૅન્કો/નાણાકીય સંસ્થાઓ અને અન્ય ધિરાણ આપનારાઓને પ્રોસેસ કરેલી માહિતી અથવા વિગતો અથવા ઉત્પાદનો ઉપલબ્ધ કરાવશે.

- કાર્ડધારક વધુમાં કાર્ડધારક/ઉમેરાયેલા કાર્ડધારકને આપવામાં આવેલ એચએસબીસીનાં ઉત્પાદનો અને સેવાઓની ઑફર, વેચાણ અથવા વિતરણ સાથે સંબંધિત તેણે/તેણી દ્વારા અથવા અન્ય રીતે પૂરી પડાયેલી તેની/તેણીની અને ઉમેરાયેલા કાર્ડધારક (ધારકો)ને લગતી માહિતી અથવા વિગતોનો ઉપયોગ કરવાની એચએસબીસીને સત્તા આપે છે.
- ક્રેડિટ ઈન્ફર્મેશન કંપનીસ (રેગ્યુલેશન) ઍક્ટ, 2005ની શરતો અનુસાર, એચએસબીસી કાર્ડધારકનો ધિરાણ ઇતિહાસ/પુનઃઅદાયગીના રેકર્ડને લગતી માહિતી પણ ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની (આરબીઆઈ દ્વારા વિશેષપણે અધિકૃત)ને પૂરી પાડી શકશે.

**સ્પષ્ટતાઃ** અતિ અગત્યની શરતો અને નિયમોનો (એમઆઈટીસી) ગુજરાતી અનુવાદ ગુજરાતી ભાષાની જાણકારી ધરાવતા લોકોની સુવિધા માટે છે. આ ડૉક્યુમેન્ટના ભાષાંતર માટે દરેક સંભાળ લેવામાં આવી છે. તેમ છતાં એની સચોટતા અને પૂર્ણતા માટે એચએસબીસી, જવાબદારી અને કાયદાકીય જવાબદારી સ્વીકારતી નથી. અમારી વેબસાઈટ www.hsbc.co.in પર એમઆઈટીસીનું મૂળ લખાણ અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. આ એમઆઈટીસીના ગુજરાતી રૂપાંતરના અર્થમાં કોઈ તકરાર હોય તો અંગ્રેજી રૂપાંતર વધારે માન્ય ગણાશે.

## વધુ વિગતો માટે કૃપયા અમારા કસ્ટમર સર્વિસ સેન્ટરનો સંપર્ક કરોઃ

• અમદાવાદ : 98983 77373 • બેંગલોર : 2558 9696
• ચંડીગઢ : 98769 27373 • ચેન્નઈ : 2526 9696
• કોઈમ્બતૂર : 98944 77373 • ગુડગાંવ : 99107 97
• હૈદરાબાદ : 2335 8787 • ઈન્દોર : 98932 77373
• જયપુર : 99280 37373 • જોધપુર : 99280 37373
• કોચિ : 98954 77373 • કોલકાતા : 2243 8686
• લખનઉ :99350 97373 • લુધિયાણા : 98769 27373
• મુંબઈ : 66800001 • મૈસુર : 99809 27373
• નાગપુર : 98601 07373 • નવી દિલ્હી : 2373 9696
• નોઈડા : 99107 97373 • પટણા : 99313 37373
• પુણે : 6602 8686 • રાયપુર : 98932 77373
• ત્રિવેન્દ્રમ : 98954 77373 • વડોદરા : 98983 77373
• વિશાખાપટ્ટનમ : 98496 77373

Ver 09/08

## ડુ નોટ કોલ સેવાઓ

એચએસબીસી સમયાંતરે વિવિધ લક્ષણો/ઉત્પાદનો/ પ્રમોશનલ ઑફરોનો સંદેશો પહોંચાડે છે, જે તેના કાર્ડધારકોને મહત્ત્વના લાભ ઑફર કરે છે. જો તમે ટેલિફોન કૉલ્સ/ એસએમએસ મારફતે આવા લાભ વિશે માહિતગાર થવા નથી ઈચ્છતા તો તમે ‘ડુ નોટ કોલ’ સેવા માટે સભ્ય બની શકો છો. કૃપયા નીચે આપેલું ફૉર્મ ભરો અને તેને ડિરેક્ટ રિસ્પોન્સ સેલ, એચએસબીસી, પી.ઓ. બૉક્સ 631, મુંબઈ જીપીઓ, મુંબઈ 400001 ને ટપાલ મારફતે પાઠવો. તમારી વિનંતી મળવાના 30 દિવસની અંદર તેનો અમલ કરાશે.

નામ ________________
પ્રથમ મધ્ય છેલ્લું

શહેર ________________

કૃપયા નીચે જણાવેલમાંથી ઓછામાં ઓછો એક સંપર્ક નંબર લખો

ટેલિફોન નં. 0 ____ ________
(એસટીડી કોડ)

મોબાઈલ નંબર 0 __________

ધ હૉંગકૉંગ ઍન્ડ શાંઘાઈ બૅન્કિંગ કૉર્પોરેશન લિમિટેડ, ઈન્ડિયા દ્વારા રજૂ (HSBC)